પત્ર નં. આઇસીડીએસ/પોષણ/સ્પોર્ટ ફિડિંગ/૨૨૩૨૭/૪૫/૨૦૧૭
કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી,
બ્લોક નં.- ૧૬/૧, ડો. જીવરાજ મહેતા ભવન,
જુના સચિવાલય , ગાંધીનગર.
તા. ૩૦/૪/૨૦૧૭ (૫)

વિષય: સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીમાં આવતા સગર્ભા અને ધાત્રીમાતાને આંગણવાડી ઉપર એક સમયનું ભોજન આપવા બાબત

વંચાણ : મહિલા અને બાળ વિકાસના ઠરાવ નં:આઇસીડી/૧૧૨૦૧૭/૪૪/બ , તા: ૦૭/૦૪/૨૦૧૭

પ્રસ્તાવના:

સ્ત્રીના જીવનમાં સગર્ભા અને ધાત્રી અવસ્થા ખુબ મહત્વપુર્ણ છે. આ અવસ્થા દરમિયાન માતાઓને ગર્ભમાં રહેલ શીશુ અને સ્તનપાન કરાવવા માટે વધુ પ્રમાણમાં પોષણની જરૂરીયાત રહે છે. જેથી સગર્ભા અને ધાત્રીમાતાઓને પોષણની જરૂરીયાત સામાન્ય સ્ત્રી કરતાં વધુ હોય છે. સગર્ભાવસ્થા દરમિયાન પ્રથમ ત્રણ માસમાં માતાને પ્રતિ દિવસ ૮૫ કીલો કેલેરીની ઉર્જાની જરૂરીયાત વધી જાય છે તેમજ બીજા ટ્રાઇમેસ્ટ્રરમાં અને ત્રીજા ટ્રાઇમેસ્ટ્રરમાં ક્રમશ: ૨૮૫ કીલો કેલેરી અને ૪૭૫ કીલો કેલેરી પ્રતિ દિવસ ઉર્જાની જરૂરીયાત વધી જાય છે (FAO/WHO/UNU 2004).

સગર્ભા માતાનું જો સામાન્ય વજન હોય તો વધારાની ૩૫૦ કીલો કેલેરી પ્રતિ દિવસ અને ધાત્રીમાતાને વધારાની ૬૦૦ કીલો કેલેરીની જરૂરીયાત રહે છે (National Institute of Nutrition (NIN-RDA 2010) Hyderabad). આ અવસ્થા દરમિયાન સુક્ષ્મ પોષકતત્વ જેવા કે આયર્ન, ફોલેટ, વિટામીન-'એ' અને આયોડીન મહિલા અને બાળકાના આરોગ્ય માટે ખૂબ મહત્વનું છે.

વર્ષ ૨૦૧૭-૧૮ અંતર્ગત એક વર્ષના પ્રાયોગિક ધોરણે રાજ્ય બજેટમાં છ જિલ્લા અનુક્રમે દાહોદ ના તાલુકા (૧) ગરબાડા ઘટક ૧ અને ૨ , ધાનપુર, ઘટક ૧ અને ૨ (૨) વલસાડમાં કપરાડા ઘટક ૧ અને ૨ (૩) મહિસાગરમાં કડાણા ઘટક (૪) છોટાઉદેપુરમાં કવાંટ ઘટક(૫) નર્મદામાં ડેડીયાપાડા ઘટક ૧ અને ૨ કાર્યક્રમ અંતર્ગત તમામ સગર્ભા અને ધાત્રીમાતાઓને (૬ માસ સુધીનું બાળક હોય તેવી માતા) રોજ એક વખત સંપુર્ણ ભોજન તથા ભોજન લીધા પછી આંગણવાડી કાર્યકરની દેખરેખમાં આઇ.એફ.એ ગોળી ગળવાની, તેમજ દિવસમાં ૨ ગોળી કેલશ્યમની ઘરે લઇ જવા આપવામાં આવશે. આ કાર્યકમના અમલિકરણ માટે નીચે મુજબની માર્ગદર્શક સુચના પરિપત્રિત કરવામાં આવે છે.

પરિપત્ર:

ધ્યેય

આ કાર્યક્રમનો એકંદર ધ્યેય પસંદ કરેલ ગામો / બ્લોક / જિલ્લાના તમામ સગર્ભા અને ધાત્રી માતાઓમાં પાંડુરોગમાં ઘટાડો તેમજ તેઓની પોષણ સ્થિતિ અને પ્રસૂતિના પરિણામોમાં સુધારો લાવવાનો છે.

હેતુ

- આરોગ્ય-આઈસીડીએસના કર્મચારીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓ અને સમુદાયના લોકોમાં ગરમ ભોજન તેમજ સ્વચ્છતા વિષે જાગૃતિ લાવવી.
- કાર્યક્રમના સમયગાળામાં ગર્ભાવસ્થા દરમિયાન થયેલ વજન વધારાની આકારણી કરવી
- પ્રસૂતિના પરિણામો- ગર્ભાવસ્થાનો સમયગાળો અને બાળકનું વજનની આકારણી
- સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણ સ્તર પર કાર્યક્રમની અસરની આકારણી કરવી.
- માતાઓને આર્યન અને કેલશ્યમની ગોળી
- સંસ્થાગત પ્રસુતિને પ્રોત્સાહન,
- માતાઓ અને બાળકોનું સંપુર્ણ રસીકરણ
- સગર્ભાવસ્થા દરમ્યાન રાખવાની તમામ કાળજી અને માવજત તથા ધાત્રીમાતાએ પ્રથમ છ માસ સુધી બાળક ને ફક્તસ્તનપાન નું મહત્વ સમજાવવું

કાર્યક્રમના ઉપરોક્ત ઉદેશ્ય અને હેતુને પૂર્ણ કરવા માટે નીચે મુજબની કાર્યક્રમ અમલીકરણ ની કાર્યસુચી અને તેના અમલ કર્તાની ભૂમિકા દર્શાવેલ છે.

- **સગર્ભા અને ધાત્રીમાતાને ગરમ આહાર પુરો પાડવાનું સ્થળ**: આંગણવાડી કેન્દ્ર
- **જવાબદાર કર્મચારી** : આંગણવાડી કાર્યકર અમલીકરણ માટે
- **સહાયક** : આંગણવાડી તેડાગર
- **લાભાર્થીઓ**: આંગણવાડી કેન્દ્રમાં નોંધાયેલ સગર્ભા અને ધાત્રી માતાઓ
- **એક સંપૂર્ણ ભોજન**: આંગણવાડી પર રોટી, દાળ, શાક/લીલા શાકભાજી/કંદ મૂળ અને ભાત આપવામાં આવશે.
- **સમયગાળો** : ૧ વર્ષ (દરરોજ આંગણવાડી પર (મહિનાના કામકાજના દિવસો))
- **સંપરામર્શ** : આંગણવાડી કક્ષાએ આશા/આંગણવાડી કાર્યકર અને મમતા દિવસે એફ.એચ.ડબલ્યુ
- **યોજનનો અમલ: ૧ મે ૨૦૧૭ થી યોજનાના સમાવિષ્ટ તમામ તાલુકા/ઘટકમાં અમલ કરવામાં આવશે.**

## કાર્યક્રમ અમલિકરણ પુર્વેની તૈયારી

સ્પોર્ટ ફિડિંગ કાર્યક્રમ અંતર્ગત પ્રથમ તમામ સહભાગી કાર્યકરની એક દિવસની તાલીમ કરવામાં આવશે. જેમાં પ્રથમ તબક્કોમાં સબંધિત જિલ્લાના પ્રોગ્રામ ઓફિસર, સી.ડી.પી.ઓ તથા. સુપરવાઇઝર અને આરોગ્ય વિભાગના બ્લોક હેલ્થ ઓફિસરનો સમાવેશ કરવામાં આવશે. અને બિજા તબક્કામાં સબંધિત આંગણવાડીના આંગણવાડી કાર્યકરની તાલીમ કરવામાં આવશે.

## સગર્ભા અને ધાત્રીમાતાના પોષણ સ્તરના ચકાસવાના માપદંડ:

પ્રોજેક્ટની શરૂઆતમાં અને અંતમાં સગર્ભા અને ધાત્રીમાતાઓના પોષણ સ્તર અને આરોગ્યની વિગતો જેમ કે વજન, ઊંચાઇ, બાવડાના મધ્ય ભાગનો ઘેરાવ (MUAC), હિમોગ્લોબિન વગેરે જેવી વિગતો લેવામાં આવશે.

1) બાવડાના મધ્ય ભાગના ઘેરાવાનું માપ (MUAC)- સગર્ભા અને ધાત્રીમાતાનું બાવડાના મધ્ય ભાગના ઘેરાવાનું માપ 230 mmથી વધારે હોય તો સામાન્ય અને 230 mmથી ઓછું હોય તો કૂપોષિત કહેવાય. (UNHCR and WFP in collaboration with WHO and UNSC on Nutrition, 2011).
2) **એન્થ્રોપોમેટ્રિક માપ:** સગર્ભાની ઊંચાઇ (<145cm) અને વજન (40 કિલો)ને પોષણ સ્તર ચકાસવાના માપદંડ તરીકે લઈ શકાય.
3) **લોહીની તપાસ-** પાંડુરોગની ઓળખ માટે તમામ સગર્ભા અને ધાત્રી માતાઓની હિમોગ્લોબિનની તપાસ.

## સ્પોટ ફિડીંગ કાર્યક્રમની નાણાકીય વ્યવસ્થા માટેની માર્ગદર્શિકા :

- સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ સંચાલન માટેની નાણાકીય ફાળવણી જિલ્લા કક્ષાએ અને જિલ્લા કક્ષાએથી તાલુકા કક્ષાએ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. આંગણવાડી દીઠ સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી કેંદ્રના નામનું અલગ બેંક ખાતુ ખોલાવી તેમાં સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમની ગ્રાન્ટ જમા કરાવવામાં આવશે. આ ગ્રાન્ટ એડવાન્સ જમા કરાવવાની રહેશે. અને માસના અંતે તેનો હિસાબ લઇ બિજા મહિના માટે એડવાન્સ ગ્રાન્ટ નાખવાની રહેશે.
- સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ સત્ર દરમિયાન માતા(લાભાર્થી) દીઠ ખર્ચની જોગવાઇ: -

| ક્રમ | બજેટ હેડ | પ્રતિ લાભાર્થી ખર્ચ |
|---|---|---|
| ૧ | ભોજન માટેનો ખર્ચ | રૂ. ૧૪.૫/- પ્રતિ લાભાર્થી પ્રતિ દિવસ<br>(ખાદ્ય સામગ્રી- ૧૦.૮૫<br>બળતણ ખર્ચ- ૦.૫<br>દળામણ ખર્ચ-૦.૧૫<br>મસાલા-૧.૦<br>બનાવવાનો ખર્ચ-૨.૦) |

| ક્રમ | બજેટ હેડ | પ્રતિ લાભાર્થી ખર્ચ |
|---|---|---|
| ૨ | જમવા માટેના વાસણ (થાળી, વાટકી, ગ્લાસ, ચમચી) | રૂ. ૫૦/- પ્રતિ લાભાર્થી |
| ૩ | ભોજન બનાવવા માટેના વાસણ | રૂ. ૧૦૦૦/- પ્રતિ આંગણવાડી |
| ૪ | કન્ટીજેન્સી | રૂ. ૧,૦૦,૦૦૦/- પ્રતિ ઘટક |
| ૫ | આયર્ન અને કેલ્શિયમની દવા | મમતા દિવસ અંતર્ગત સગર્ભા અને ધાત્રી માતાઓને આરોગ્ય વિભાગ દ્વારા આયર્ન અને કેલ્શિયમની દવા આપવામાં આવશે. |

**ભોજન બનાવવા માટે વાસણોની વ્યવસ્થા:**

આંગણવાડી કેંદ્ર ઉપર આંગણવાડી તેડાગર દ્વારા ગરમ આહાર બનાવી સગર્ભામાતા અને ધાત્રીમાતાઓ ને આપવાનો થતો હોય આંગણવાડીમાં થતી નીયમિત રસોઇ ઉપરાંત ૨૦ થી ૨૫ લાભાર્થી માતાઓ માટે બનાવવાના તથા જમવા માટે વાસણો ખરીદવા માટે ખાસ જોગવાઇ કરવામાં આવેલ છે. આ વાસણો ખરિદવા માટે તાલુકા કક્ષાએ ગ્રાન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ગ્રાન્ટ આંગણવાડી કાર્યકરના ખાતામાં નાખી આંગણવડી કાર્યકર દ્વારા વાસણોની ખરીદી તાત્કાલીક કરી આ બાબતની નોંધ ડેડસ્ટોક રજીસ્ટરમાં રાખવાની રહેશે.

**સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ રીપોર્ટ માટેની માર્ગદર્શિકા:**

સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમનું MIS અને અનુગામી રીપોર્ટીંગ નીચે મુજબના પત્રકમાં તૈયાર કરવાના રહેશે.

૧. રીપોર્ટીંગ ફોર્મેટ

- AWC કક્ષાનું - રીપોર્ટીંગ ફોર્મેટ
- તાલુકા કક્ષાનું - રીપોર્ટીંગ ફોર્મેટ
- જિલ્લા કક્ષાનું - રીપોર્ટીંગ ફોર્મેટ

- AWC કક્ષાનું રીપોર્ટીંગ ફોર્મેટ એ આંગણવાડી કાર્યકર દ્વારા ભરવાના રહેશે અને આ માહિતી ભરેલ પત્રક સુપરવાઇઝર દ્વારા ચેક કરી તાલુકામાં મોકલવાની રહેશે.
- AWC કક્ષાના રીપોર્ટ એ ડેટા સોફ્ટ કોપી/એક્સેલ શીટમાં ભરવાનું રહેશે. તેમજ તાલુકા કક્ષાનું રીપોર્ટીંગ ફોર્મેટમાં સેજાવારની માહિતીનું સંકલન કરવાનું રહેશે. આ ફોર્મેટ એ સોફ્ટ કોપી/એક્સેલ શીટમાં તાલુકા કક્ષાએ ડેટા એન્ટ્રી ઓપરેટર એ ભરવાનું રહેશે તેમજ તેનું એનાલીસીસ બ્લોક કો-ઓર્ડેનેટર અને સીડીપીઓએ કરવાનું રહેશે. આ ફોર્મેટ CDPO, ICDSની સહીથી જિલ્લા કક્ષાએ મોકલવાનું રહેશે.

- જિલ્લા કક્ષાનું રીપોર્ટીંગ ફોર્મેટમાં તાલુકાની માહિતીનું સંકલન કરવાનું રહેશે. આ ફોર્મેટ સોફ્ટ કોપી/ એક્સેલ શીટમાં જિલ્લા કક્ષાએ ડેટા એન્ટ્રી ઓપરેટરે ભરવાનું રહેશે તેમજ તેનું એનાલીસીસ ડીસ્ટ્રીક્ટ પ્રોગ્રામ કો-ઓર્ડીનેટર અને પ્રોગ્રામ ઓફીસરે કરવાનું રહેશે. પ્રોગ્રામ ઓફીસર દ્વારા આ માહિતી રાજ્ય કક્ષાએ મોકલી આપવાની રહેશે.

- સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમના માસિક પ્રગતિ રીપોર્ટ અને ખર્ચની (ખર્ચ પત્રક) માહિતી દર માસેની 25 થી 30 તારીખ સુધીમાં મોકલાવવાની રહેશે. રાજ્ય કક્ષાએ ઇમેઇલ પર સોફ્ટ કોપી/ એક્સેલ શીટમાં તેમજ પ્રોગ્રામ ઓફીસરની સહીથી હાર્ડ કોપીમાં પણ મોકલી આપવાનો રહેશે.

<u>સહાયક નિરીક્ષણ (સપોર્ટીવ સુપરવિઝન)</u>

- "સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ" અમલીકરણને સુદ્રઢ અને પરિણામલક્ષી બનાવવા સહાયક નિરીક્ષણ (સપોર્ટીવ સુપરવિઝન) જરૂરી છે.
- "સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ" કાર્યક્રમની પહોંચ વધે, સેવા માટેની જરૂરીયાતવાળા મહત્તમ માતાઓને લાભ મળે અને સેવાની ગુણવત્તા જળવાઈ રહે તેવું સહાયક નિરીક્ષણ અમલમાં મૂકવું જરૂરી છે.

- "સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ"નું સહાયક નિરીક્ષણ આઇ.સી.ડી.એસ. અને આરોગ્ય વિભાગનાં રાજ્ય/જીલ્લા/તાલુકા કક્ષાના મોનીટરીંગ ઓફિસર - PO-ICDS, CDPO, CDHO, RCHO, THO, MO, DPC, BPC, PA, મુખ્યસેવિકા-ICDS, ફિમેલ હેલ્થ વર્કર સુપરવાઇઝર, ગ્રામ સંજીવની સમિતિ વિગેરેએ કરવાનું રહેશે.

- "સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ" પોષણ આરોગ્ય માવજત માટે માસમાં એકવાર આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. સહાયક નિરીક્ષણ મુલાકાત લેવી જરૂરી છે.

  સહાયક નિરીક્ષણ મુલાકાત દરમિયાન

  - જે તે દિવસે માર્ગદર્શિકા મુજબ " સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ " પર જે પ્રવૃત્તિ થવી જોઈએ તે થઈ રહી છે કે કેમ તે જોવું.
  - માર્ગદર્શિકા મુજબની કામગીરી કરવામાં કોઈ સમસ્યા નડતી હોય તો તે વિશે આંગણવાડી કાર્યકર/હેલ્પર/ એ.એન.એમ. પાસે જાણવું.
  - જે પ્રવૃતિમાં સમસ્યા નડતી હોય તેનું નિરાકરણ લાવવામાં મદદરૂપ થવું.

- જો પ્રવૃતિ જેવી કે વજન કરવું, વર્ગીકરણ કરવું, આલ્બેન્ડાઝોલ, આર્યન અને કેલશ્યમની દવાઓની માત્રા, વાનગી બનાવવી, માતાને કેન્દ્રની પ્રવૃતિમાં સાંકળવી, કેન્દ્રની પ્રવૃતિઓને રજીસ્ટરમાં નોંધવી અને તેના પરથી રીપોર્ટ બનાવવો, લોક-સહભાગીતા પ્રોત્સાહિત કરવી, વગેરેમાં આંગણવાડી કાર્યકરની કોઈ ભુલ થતી હોય કે મર્યાદા હોય તો તે પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા જાણી તેમને નિર્દશન દ્વારા બતાવી, સમજાવી તે કરવાની તેમની આવડતમાં સુધારો કરવો અને તેમનો આત્મવિશ્વાસ સુદ્રઢ કરવો. ગામના આગેવાનોની સામેલગીરી અને જનભાગીદારી માટેના પ્રયાસ સ્વરૂપ સહાયક નિરીક્ષણ મુલાકાત વખતે તેઓની મુલાકાત લઈ તેમની સહભાગીતા પ્રોત્સાહિત કરવી.
- ધાત્રીમાતા સાથે બાળકનું પણ વજન કરવાનું રહેશે.

<u>સ્પોર્ટ ફિડીંગ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી ઉપર આપવાનો થતો ખોરાક:</u>

- માતાઓને આંગણવાડી કેન્દ્ર ખાતે નિરીક્ષણ હેઠળ ખોરાક અને દવા આપવાની રહેશે.
- માતાને આંગણવાડી ઉપર બપોરનું ભોજન આપવા માટેનો સમય વિસ્તારની અનૂકુળતાને ધ્યાને લઇ તાલુકાએ જિલ્લાના પરામર્શમાં રહી નક્કી કરવાનો રહેશે. અને તેની જાણ અત્રેની કચેરીને કરવાની રહેશે.
- સ્પોટ ફિડીંગ કાર્યક્રમ અંતર્ગત નોંધયેલ સગર્ભા અને ધાત્રી માતાઓને પ્રસુતીબાદ ૧૦ થી ૩૦ દિવસ આંગણવાડી કેંદ્ર ઉપર આવવું /લાવવું શક્ય ન હોય તેવા કિસ્સામાં ૧૫-૩૦ દિવસ સુધી જો લાભાર્થીના ઘરેથી કોઇ તેના માટે ભોજન લઇ જાઇ શકે તેમ હોય તો તેને વધુમાં વધુ એક માસ સુધી આપી સકાશે.(માત્ર એક માસની ધાત્રીમાતા માટે)
- સ્પોટ ફિડીંગ કાર્યક્રમ અંતર્ગત નોંધાયેલ સગર્ભામાતા પૈકી કોઇ સગર્ભા બહેનને કસુવાવડ (Miscarriage /abortion) થાયતે સમયે માતાને ૧૫-૩૦ દિવસ સુધી ગરમ આહાર આપવો.
- મેનુ મુજબનો આહાર સ્વચ્છ જગ્યાએ અને સ્વચ્છ વાસણોમાં તૈયાર કરવો.
- રસોઇ માટે શુધ્ધ અને પિવાલાયક પાણીનો જ ઉપયોગ કરવાનો રહેશે.
- રસોઇમાં વપરાતા અન્ય મસલા અને ખાધ્ય સામગ્રી સારી ગુણવત્તાના વાપરવાના રહેશે.
- આહારમાં ઉપયોગમાં લેવામાં આવનાર શાકાભાજી તાજા હોય તે અનિવાર્ય છે.
- માતાઓને જમાવા માટેની જગ્યા સ્વચ્છ અને જંતુમુક્ત હોવી જોઇએ.

- આંગણવાડી તેડાગર દ્વારા તૈયાર કરેલ આહાર ચાખીને લાભાર્થીમાતાઓ ને પીરસવાનો રહેશે.
- લાભાર્થીની સંખ્યા આગાળના દિવસની હાજરીના આધારે નક્કી કરવાનીરહેશે. જેથી ભોજન વધવાનો કે ઘટવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય

આહાર તૈયાર કરવા માટે મેનુ મુજબ જરૂરી સામગ્રી અને તેના ખર્ચની વિગત નીચે મુજબ છે.

| દિવસ | મેનૂ | પ્રમાણ (ગ્રામ) | નિગમને ચુકવવાની રકમ 'A' (રૂ) | આ.વા. કક્ષાએ પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ખર્ચ'B' (રૂ) | એનર્જી (કી.કેલ) | પ્રોટીન (ગ્રામ) | કુલ ખર્ચ (A+B) (Rs) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | થેપલા | | | | ૮૮૦ | ૨૬ | ૧૩.૨૩ |
| | ઘઉનો લોટ | ૧૨૦ | ૦.૪ | | | | |
| | લીલા શાકભાજી | ૩૦ | | ૦.૯ | | | |
| | ગોળ | ૧૦ | | ૦.૫૫ | | | |
| | મગ | ૨૦ | | ૩ | | | |
| | ભાત | ૩૦ | ૦.૧૩ | | | | |
| | દાળ | ૧૫ | | ૩ | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | બળતણ, દળામણ, મસાલા અને ઇન્સેન્ટીવ | | | ૩.૬૫ | | | |
| | કૂલ | | ૦.૫૩ | ૧૨.૭ | | | |
| 2 | પરાઠા | | | | ૮૬૪ | ૨૫.૦૭ | ૧૨.૮૩ |
| | ઘઉનો લોટ | ૧૨૦ | ૦.૪ | | | | |
| | ચણા | ૧૫ | | ૧.૦૫ | | | |
| | શાકભાજી | ૧૦૦ | | ૩ | | | |
| | દાળ | ૧૫ | | ૩ | | | |
| | ભાત | ૩૦ | ૦.૧૩ | | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | બળતણ, દળામણ, મસાલા અને ઇન્સેન્ટીવ | | | ૩.૬૫ | | | |
| | કુલ | | ૦.૫૩ | ૧૨.૩ | | | |

| દિવસ | મેનૂ | પ્રમાણ (ગ્રામ) | નિગમને ચુકવવાની રકમ 'A' (રૂ) | આ.વા. કક્ષાએ પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ખર્ચ'B' (રૂ) | એનર્જી (કી.કેલ) | પ્રોટીન (ગ્રામ) | કુલ ખર્ચ (A+B) (Rs) |
|---|---|---|---|---|---|---|---|
| 3 | ફાળા લાપસી / શીરો | | | | ૯૯૦ | ૨૨.૫૭ | ૧૩.૩૮ |
| | ઘઉંનો લોટ | ૧૨૦ | ૦.૪ | | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | શાકભાજી | ૧૦૦ | | 3 | | | |
| | ભાત | ૩૦ | ૦.૧૩ | | | | |
| | દાળ | ૧૫ | | 3 | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | બળતણ, દળામણ, મસાલા અને ઇન્સેન્ટીવ | | | ૩.૬૫ | | | |
| | કૂલ | | ૦.૫૩ | ૧૨.૮૫ | | | |
| 4 | રોટલી | | | | ૮૧૦ | ૨૩ | ૧૧.૭૮ |
| | ઘઉંનો લોટ | ૧૨૦ | ૦.૪ | | | | |
| | લીલા શાકભાજી | ૧૦૦ | | 3 | | | |
| | ખીચડી | | | | | | |
| | ચોખા | ૩૦ | ૦.૧૩ | | | | |
| | દાળ | ૧૫ | | 3 | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | બળતણ, દળામણ, મસાલા અને ઇન્સેન્ટીવ | | | ૩.૬૫ | | | |
| | કૂલ | | ૦.૫૩ | ૧૧.૨૫ | | | |
| 5 | પરાઠા | | | | ૮૬૪ | ૨૫.૦૭ | ૧૨.૮ |
| | ઘઉંનો લોટ | ૧૨૦ | ૦.૪ | | | | |
| | ચણા | ૧૫ | | ૧.૦૫ | | | |
| | શાકભાજી | ૧૦૦ | | 3 | | | |
| | દાળ | ૧૫ | | 3 | | | |
| | વાઘરેલા ભાત | ૩૦ | ૦.૧૩ | | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |

| દિવસ | મેનૂ | પ્રમાણ (ગ્રામ) | નિગમને ચુકવવાની રકમ 'A' (રૂ) | આ.વા. કક્ષાએ પ્રતિ દિન પ્રતિ લાભાર્થી ખર્ચ'B' (રૂ) | એનર્જી (કી.કેલ) | પ્રોટીન (ગ્રામ) | કુલ ખર્ચ (A+B) (Rs) |
|---|---|---|---|---|---|---|---|
| | બળતણ, દળામણ, મસાલા અને ઇન્સેન્ટીવ | | | ૩.૬૫ | | | |
| | કૂલ | | ૦.૫૩ | ૧૨.૩ | | | |
| 6 | ફાડા લાપસી/શીરો | | | | ૯૯૦ | ૨૨.૫૭ | ૧૩.૩૮ |
| | ઘઉંનો લોટ | ૧૨૦ | ૦.૪ | | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | શાકભાજી | ૧૦૦ | | ૩ | | | |
| | ભાત | ૩૦ | ૦.૧૩ | | | | |
| | દાળ | ૧૫ | | ૩ | | | |
| | તેલ | ૨૦ | | ૧.૬ | | | |
| | બળતણ, દળામણ, મસાલા અને ઇન્સેન્ટીવ | | | ૩.૬૫ | | | |
| | કુલ | | ૦.૫૩ | ૧૨.૮૫ | | | |

| | વિગત | પ્રતિ લાભાર્થી | | | | |
|---|---|---|---|---|---|---|
| | બળતણ ખર્ચ | ૦.૫ | | | | |
| | દડામણ ખર્ચ | ૦.૨ | | | | |
| | મસાલા | ૧.૦ | | | | |
| | બનાવવાનો ખર્ચ (આંગણવાડી કાર્યકર-૧.૦ અને તેડાગર-૧.૦) | ૨.૦ | | | | |
| | કુલ-B | ૩.૬૫ | | | | |

કાર્યક્રમ અંતર્ગત ઘઉં અને ચોખા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમમાંથી આપવામાં આવશે. આ માટે તાલુકાની નિયત સમયે કરવામાં આવતી ઘઉં અને ચોખાની માંગણીમાં સ્પોર્ટ ફિડીંગ માટેનો જથ્થો એમ અલગથી પત્રકમાં દર્શાવી માંગણી કરવાની રહેશે. હાલ તુરંત આંગણવાડીના ઉપલબ્ધ જથ્થામાંથી કાર્યક્રમ શરૂ કરવાનો રહેશે. અને કોઇ પણ તાલુકા/ઘટકમાં ઘઉં કે ચોખાની ઘટ હોય તો આંતરિક ફેરફારથી તાત્કાલિક વ્યવસ્થા કરી

કામગીરી શરૂ કરવાની રહેશે. અને જરૂરીયાત મુજબની માંગણી તાત્કાલિક રાજ્યની કચેરીમાં મોકલી આપવાની રહેશે.

<u>પ્રચાર-પ્રસાર</u>

માતા અને બાળકના પોષણ સ્તરમાં સુધાર લાવવા માટે શરૂ કરવામાં આવેલ સ્પોર્ટ ફિડિંગ કાર્યક્રમનો વધુમાં વધુ પ્રચાર થાય તથા લાભાર્થી માતાઓ આ યોજનાનો વધુમાં વધુ લાભ લે તે હેતુથી યોજનાના પ્રચાર પ્રસાર માટે તાલુકામાં પડેલ આઇ.ઇ.સી. ની ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી ૨૦ x ૧૦ ફુટના ફ્લેક્ષ બેનર બનાવી જિલ્લા પંચાય, તાલુકા પંચાયત, સામુદાયિક આરોગ્ય કેંદ્ર વગેરે જગ્યાએ મુકાવાના રહેશે.

ઉપરોક્ત તમામ સુચના ઉપરાંત અત્રેથી આપવામાં આવતી વખતો વખતનીસુચનાનું પાલન કરવાનું રહેશે.

બિડાણ: રિપોર્ટિંગ ફોર્મેટ

૩૦|૫|૧૭

નિયામક
આઈસીડીએસ
મહિલા અને બાળ વિકાસ
ગાંધીનગર

<u>પ્રતિ,</u>

૧. જિલ્લા વિકાસ અધિકારી જિલ્લાપંચાયત:
   દાહોદ, મહિસાગગર, છોટાઉદેપુર, નર્મદા, અને વલસાડ
૨. નાયબ સચિવશ્રી મહિલા અને વિકાસ વિભાગ સચિવાલય ગંધીનગર
૩. જિલ્લા પ્રોગ્રામ ઓફિસર, આઇસીડીએસ જિલ્લાપંચાયત
   દાહોદ, મહિસાગગર, છોટાઉદેપુર, નર્મદા, અને વલસાડ
૪. હિસાબી અધિકારીશ્રી વર્ગ-૧ મજકુર કચેરી ગાંધીનગર
૫. અત્રેની કચેરીના વર્ગ૧ અને ૨ના તમામ અધિકારીશ્રીઓ